પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૭ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧, સોમવાર; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે 'ગુલાબ' વાવાઝોડુ ત્રાટકવાની શક્યતા

## દરિયામાં સર્જાયેલા ડિપ્રેશને વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે : ગુલાબ નામનું વાવાઝોડું આગામી દિવસોમાં ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોના કાંઠે ટકરાય તેવી શક્યતા છે : ઓડિશાના સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૨૬

હવામાન ખાતાનાં સિનિયર વિજ્ઞાની શુભાંગી ભૂતેએ એવી માહિતી આપી હતી કે ગુલાબ સમુદ્રી તોફાનની તીવ્ર અસરથી આવતા ચાર દિવસ(૨૬, ૨૭, ૨૮, ૨૯-સપ્ટેમ્બર) દરમિયાન કોંકણનાં (મુંબઈ-૨૭, ૨૮), થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ)માં ગાજવીજ સાથે ભારે વર્ષા થવાની શક્યતા છે. ૨૮, સપ્ટેમ્બરે રાયગઢ માટે ઓરેન્જ એલર્ટ(અતિ ભારે વર્ષા) જાહેર કરવામાં આવી છે. જ્યારે ૨૮,સપ્ટેમ્બરે રત્નાગિરિ માટે પણ





ઓરેન્જ એલર્ટ(અતિ ભારે વરસાદ) જાહેર કરવામાં આવી છે. મુંબઈ ઉપરાંત પાટનગર દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, બિહાર જેવા કેટલાય રાજ્યોના વાતાવરણમાં પલટો આવશે અને હળવાથી ભારે વરસાદની શક્યતા છે. તટવર્તીય રાજ્યોમાં માછીમારોને સમુદ્રમાં નહીં જવાની ચેતવણી આપવામાં આવી છે. દરિયામાં સર્જાયેલા ડિપ્રેશને વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ ગુલાબ નામનું વાવાઝોડું આગામી દિવસોમાં ઓડિશા,

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકામાં ૬૫ કલાકમાં નરેન્દ્ર મોદીની ૨૦ મીટિંગ

## મોદીએ ફ્લાઈટમાં પણ કરી ૪ લાંબી બેઠક : અમેરિકા જતી વખતે અને ત્યાંથી પાછા ફરતી વખતે મોદીની વિમાનમાં અધિકારીઓ સાથે ચાર મોટી બેઠક

નવી દિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો અમેરિકા પ્રવાસ સુપર બિઝી રહ્યો. તેઓ પોતાના અમેરિકા પ્રવાસ દરમિયાન સતત અનેક બેઠકોમાં સામેલ થયા. પીએમ મોદી લગભગ ૬૫ કલાક અમેરિકામાં રહ્યા અને આ દરમિયાન તેઓ ૨૦ બેઠકોમાં સામેલ થયા. આ ઉપરાંત તેમની ચાર ખુબ જ લાંબી મીટિંગ ફ્લાઈટની અંદર પણ થઈ એટલે કે અમેરિકા પ્રવાસે ગયેલા પીએમ મોદીએ કુલ ૨૪ બેઠક કરી. આ આંકડાઓથી તમે અંદાજો લગાવી શકો છો કે પીએમ મોદીના અમેરિકી પ્રવાસનું શેડ્યૂલ કેટલું વ્યસ્ત રહ્યું. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અમેરિકા જતી વખતે અને ત્યાંથી પાછા ફરતી

● અનુસંધાન પાન-૭ પર

# મોતીહારીમાં હોડી પલટી જતા ૨૨ ડૂબ્યા

## બિહારમાં મોટી દુર્ઘટના ઘટી : સ્થાનિકોએ અત્યાર સુધીમાં ૬ મૃતદેહો બહાર કાઢ્યા

નવી દિલ્હી, તા.૨૬

બિહારના મોતિહારીથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં સિકરહના નદીમાં હોડી પલટી જતા ૨૨ લોકો ડૂબી ગયા. સ્થાનિકોએ અત્યાર સુધીમાં ૬ મૃતદેહો બહાર કાઢ્યા છે. મળતી માહિતી મુજબ ઘટનાસ્થળે અનેક મોટા અધિકારીઓ હાજર છે. રેસ્ક્યૂ ટીમ લોકોને બહાર કાઢવામાં લાગી છે.

આ દુર્ઘટના શિકારગંજ પોલીસ મથક હદના ગોઢિયા ગામમાં ઘટી. નાવ પલટી જવાથી ૨૨ લોકો ડૂબી ગયા. સ્થાનિકોએ જણાવ્યું કે હોડીમાં ૨૦થી ૨૫ લોકો સવાર હતા. મોઢિયા ગામમાં અચાનક હોડી પલટી જતા અફરાતફરી મચી ગઈ. મોટી સંખ્યામાં પોલીસ પ્રશાસનના અધિકારીઓ પહોંચી ગયા છે. સ્થાનિકો પણ ભેગા થયા છે.

તાજેતરમાં જ બિહારના પશ્ચિમ ચંપારણમાં પણ આવી હોડી ડૂબી જવાની ઘટના ઘટી હતી. ત્યારે પણ હોડીમાં ૨૫ લોકો સવાર હતા.

ક્ષમતા કરતા વધુ લોકોને હોડીમાં બેસાડવાના કારણે હોડીએ બેલન્સ ગુમાવ્યું હતું અને પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. હોડીમાં સવાર પશુઓ પણ ડૂબી ગયા હતા.



# કેનેડા-ભારત વચ્ચે શરૂ થશે સીધી જ ફ્લાઈટ

## મુસાફરોએ કરવું પડશે નિયમોનું પાલન

નવી દિલ્હી, તા.૨૬

કેનેડામાં રહેતા હજારો ભારતીયો માટે સારા સમાચાર છે. કેનેડાએ લગભગ પાંચ મહિના બાદ ભારતથી આવતી સીધી ફ્લાઈટ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. ભારતમાં કોરોનાની બીજી લહેરે ગંભીર રૂપ ધારણ કરતાં કેનેડાએ એપ્રિલ મહિનામાં સીધી ફ્લાઈટ પર પ્રતિબંધ મૂક્યો હતો. હવે પ્રતિબંધ દૂર થતાં એર કેનેડા સોમવાર (૨૭ સપ્ટેમ્બર)થી બંને દેશો વચ્ચેની સીધી ફ્લાઈટ શરૂ કરી શકે છે. આ તરફ ભારતની સરકારી કંપની એર ઈન્ડિયા ૩૦ સપ્ટેમ્બરથી ફ્લાઈટ શરૂ કરી શકે છે. ટ્રાન્સપોર્ટ કેનેડાએ ટ્વિટ કરીને જાણકારી આપી છે કે, ૨૭ સપ્ટેમ્બરથી ભારતથી આવનારી સીધી ફ્લાઈટ કેનેડામાં લેન્ડ કરી શકે છે. જોકે, મુસાફરોએ કેટલાક ખાસ પ્રોટોકોલનું પાલન કરવું પડશે.

**ભારતીય મુસાફરોએ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ સ્થિત જીનસ્ટ્રિંગ્સ લેબમાંથી કોવિડ-૧૯ મોલિક્યુલર ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ લાવવાનો રહેશે. આ ટેસ્ટ ઉડાણ ભરવાના ૧૮ કલાકની અંદરનો હોવો જોઈએ**

કેનેડા જતાં ભારતીય મુસાફરોએ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ સ્થિત જીનસ્ટ્રિંગ્સ લેબમાંથી કોવિડ-૧૯ મોલિક્યુલર ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ લાવવાનો રહેશે. આ ટેસ્ટ ઉડાણ ભરવાના ૧૮ કલાકની અંદરનો હોવો જોઈએ.

બોર્ડિંગ પહેલા એર ઓપરેટર આ રિપોર્ટની તપાસ કરશે જેથી મુસાફર કેનેડા જવા માટે યોગ્ય છે કે નહીં તે નક્કી કરી શકે. -જો મુસાફર અગાઉ કોરોનાથી સંક્રમિત થયો હોય તો તેણે સર્ટિફાઈડ લેબમાંથી મોલિક્યુલર ટેસ્ટનો પોઝિટિવ રિપોર્ટ બતાવાનો રહેશે. આ રિપોર્ટ ૧૪થી ૧૮૦ દિવસ જૂનો હોવો જોઈએ. રસીના બંને ડોઝ લેનારા મુસાફરોએ ArriveCAN મોબાઈલ એપ અથવા વેબસાઈટ પર આ અંગેની યોગ્ય માહિતી આપવાની રહેશે.

# 'નમામિ ગંગે મિશન' આજે પણ આગળ ધપી રહ્યું છે : મોદી

## વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપવાનું છે : નમામિ ગંગે મિશન પણ આજે આગળ વધી રહ્યું છે તો તેમા બધા લોકોના પ્રયત્નો, એક પ્રકારથી જન જાગૃતિ, જન આંદોલન, તેની ખુબ મોટી ભૂમિકા : નરેન્દ્ર મોદીએ મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધન કર્યું

નવી દિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધન કર્યું. આ કાર્યક્રમનો આ ૮૧મો એપિસોડ હતો. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દુરદર્શનના તમામ નેટવર્ક પર થાય છે. પીએમ મોદીએ કહ્યું કે એક દિવસ એવો પણ છે જે આપણે બધાએ યાદ રાખવો જોઈએ. તે ભારતની પરંપરાઓ સાથે ખુબ સુસંગત છે. સદીઓથી જે પરંપરાઓ સાથે આપણે જોડાયેલા છીએ, આ દિવસ તેની સાથે જોડાનારો છે. આ દિવસ છે વિશ્વ નદી દિવસ.



પીએમ મોદીએ કહ્યું કે આપણા ત્યાં કહેવામાં આવ્યું છે કે 'પિબન્તિ નદયઃ સ્વય-મેવ નામ્ભઃ' એટલે કે નદીઓ પોતાનું જળ પોતે નથી પીતી. પરંતુ પરોપકાર માટે આપે છે. આપણા માટે નદીઓ એક ભૌતિક વસ્તુ નથી, આપણા માટે નદી એક જીવંત અસ્તિત્વ ધરાવે છે અને એટલે જ આપણે નદીઓને પણ માતા કહીએ છીએ.

તેમણે કહ્યું કે આપણે બધા જાણીએ છીએ કે મહા મહિનો આવે છે ત્યારે આપણા દેશમાં અનેક લોકો આખો એક મહિનો માતા ગંગા કે કોઈ પણ નદીના કિનારે કલ્પવાસ કરે છે. નદીઓનું સ્મરણ કરવાની આ પરંપરા આજે ભલે લુપ્ત થઈ ગઈ હોય કે પછી ક્યાંક અલ્પમાત્રામાં બચી હોય પરંતુ એક મોટી પરંપરા હતી જે સવારે સ્નાન કરતી વખતે જ વિશાળ ભારતની એક યાત્રા કરાવતી હતી, માનસિક યાત્રા.

પીએમ મોદીએ કહ્યું કે ગુજરાતમાં વરસાદની શરૂઆતથાય ત્યારે જળ જીલની એકાદશી ઉજવે છે. તેનો અર્થ એ છે કે આજના યુગમાં આપણે જેને કહીએ છીએ 'Catch the Rain` એ વાત

● અનુસંધાન પાન-૭ પર

# દેશને SBI જેવી ૪થી ૫ બેન્કોની જરૂર : સીતારમન

## કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમને બેન્કોને કહ્યું કે તે પોતાની હાજરી વધારવાના પ્રયાસોને વધુ સારા કરે

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમને કહ્યું કે દેશના ઘણા જિલ્લામાં બેક્કિંગ સુવિધાનો અભાવ છે. તેમણે રવિવાર ઈન્ડિયન બેન્ક એસોસિએશન (ૈંમ્છ) ના એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે જે જિલ્લામાં આર્થિક ગતિવિધિનું સ્તર ખુબ ઊંચુ છે, પરંતુ બેન્કિંગની ઉપસ્થિતિ ઓછી છે.

નાણામંત્રીએ કહ્યું કે, જે પ્રકારે દેશની ઈકોનોમી એક નવી દિશા તરફ વધી રહી છે અને જે રીતે ઈન્ડસ્ટ્રી નવી વસ્તુને અપનાવી રહી છે, તેનાથી ઘણા નવા પડકારો ઉભા થયા છે. તેને જોતા ભારતને ન માત્ર વધુ સંખ્યામાં પરંતુ વધુ મોટી બેન્કોની જરૂર છે. નાણામંત્રી પ્રમાણે દેશને સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયાના આકારની ચાર કે પાંચ અન્ય બેન્કની જરૂર છે. ઈકોનોમી અને ઈન્ડસ્ટ્રીમાં હાલમાં આવેલા ફેરફારોની પૃષ્ઠભૂમિમાં જે પ્રકારથી વાસ્તવિકતાઓ બદલી છે, તેને પૂરી કરવા માટે આપણે બેક્કિંગના વિસ્તારની જરૂર છે.

નિર્મલા સીતારમને બેન્કોને કહ્યું કે તે પોતાની હાજરી વધારવાના પ્રયાસોને વધુ સારા કરે. તેમણે બેન્કોને કહ્યું કે, તેની પાસે વિકલ્પ છે કે તે નક્કી કરી શકે છે કે શેરી-ગલીઓમાં નાના સ્તરના મોડલ દ્વારા ત્યાં બેન્કની હાજરી નોંધાવવાની જરૂર છે. નાણામંત્રીએ સ્પષ્ટ કર્યું કે, તે ડિજિટલીકરણ અને પ્રયાસોની વિરુદ્ધ નથી.

તેમણે કહ્યું કે, આજે બેક્કોનું વહી-ખાતુ વધુ સ્પષ્ટ છે. તેનાથી સરકાર પર બેક્કોના પુર્નમૂડિકરણનો ભાર ઓછો થશે. નિર્મલા સીતામરને કહ્યું કે, આગામી રાષ્ટ્રીય સંપત્તિ પુનર્ગઠન કંપનીને 'બેડ બેક્ક' ન કહેવી જોઈએ, જેમ અમેરિકામાં કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે, બેક્કોને આક્રમક બનાવવાની જરૂર છે, તેના પ્રત્યેક એકમે સમજવું પડશે કે જેમાં ૪૦૦ અબજ ડોલરની આયાતના લક્ષ્યને હાસિલ કરી શકાય.

# યુપીમાં યોગી કેબિનેટમાં સામેલ થયા નવા ચહેરાઓ

## યોગી આદિત્યનાથે પોતાના મંત્રીમંડળનો વિસ્તાર કર્યો



લખનઉ, તા.૨૬

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા આજે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યુ છે. ઉત્તર પ્રદેશ સરકારમાં નવા ૭ મંત્રીઓને સામેલ કરવામાં આવ્યા છે. જેમાં એક કેબિનેટ અને ૬ રાજ્ય મંત્રી છે. રાજ્યપાલ આનંદીબહેન પટેલે રાજભવનના ગાંધી સભાગારમાં નવા મંત્રીઓને શપથ અપાવ્યા છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા જિતિન પ્રસાદને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે.

યૂપી કેબિનેટ વિસ્તારમાં સૌથી પહેલા જિતિન પ્રસાદે મંત્રી પદે શપથ લીધા હતા.

# નરેન્દ્ર મોદીએ અમિત શાહ અને રાજનાથસિંહ સાથે બેઠક યોજી

## બેઠકમાં જેપી નડ્ડા પણ રહ્યા હાજર

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ સાથે બેઠક કરી છે. આ બેઠક આશરે અઢી કલાક ચાલી હતી. બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ અમિત શાહ સાથે એક કલાક વાતચીત કરી છે. સૂત્રો અનુસાર પીએમ મોદીએ પોતાના અમેરિકા પ્રવાસ સંબંધિત રણનીતિક વાતચીત અને જાણકારીઓની માહિતી આપી છે.

મહત્વનું છે કે પીએમ મોદી આજે અમેરિકાથી પરત ફર્યા છે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સહિત પાર્ટી નેતાઓએ રવિવારે અમેરિકાથી પરત ફરેલા પ્રધાનમંત્રીનું પાલમ એરપોર્ટ પર ગર્મજોશીથી સ્વાગત કર્યુ હતું. ભાજપ અધ્યક્ષે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મોદીની બેઠકો, ક્વાડ બેઠક અને સંયુક્ત રાષ્ટ્રમાં મોદીના સંબોધનનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, પ્રધાનમંત્રીએ દ્રઢતાથી અને સ્પષ્ટ રૂપથી આતંકવાદઅને વિસ્તારવાજ જેવા વૈશ્વિક મુદ્દા અને ખતરા પર ભારતના વિચારોને રાખ્યા છે.

અમેરિકાની યાત્રા દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬માં સત્રમાં સંબોધન કર્યુ હતું.

# પંજાબમાં ચરણજીત સિંહ ચન્નીના મંત્રીમંડળનો વિસ્તાર

## ૧૫ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા : ચરણજીત સિંહ મુખ્યમંત્રી, સુખજિંદર સિંહ રંધાવા નાયબ મુખ્યમંત્રી, ઓપી સોની નાયબ મુખ્યમંત્રી નક્કી હતા



ચંડીગઢ, તા.૨૬

પંજાબમાં આખરે મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીની નવી કેબિનેટે શપથ ગ્રહણ કરી લીધા છે. રાજભવનમાં રાજ્યપાલે નવા મંત્રીઓને પદ અને ગોપનિયતાના શપથ અપાવ્યા છે. ચરણજીત સિંહ ચન્ની મુખ્યમંત્રી, સુખજિંદર સિંહ રંધાવા, નાયબ મુખ્યમંત્રી, ઓપી સોની, નાયબ મુખ્યંત્રી પહેલાથી નક્કી થઈ ગયા હતા. હવે નવા ૧૫ મંત્રીઓએ શપથ લીધા છે.

કેપ્ટન અમરિંદર સિંહના વિરોધી ગિદ્દરબાહાથી ધારાસભ્ય અમરિંદર સિંહ રાજા વડિંગને પણ ચન્ની કેબિનેટમાં તક મળી છે. રાજા વડિંગે મંત્રી પદના શપથ લીધા છે. તો પૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહના પૌત્ર ગુરકીરત કોટલીએ પણ મંત્રી પદના શપથ લીધા છે.